# જન્મદિને વધામણી



**હેત્વી નરેન્દ્રભાઈ ચૌહાણ**
મો. ૯૦૯૯૦ ૬૦૭૩૦



**હેતલભાઈ એ સોની**
મો. ૯૪૨૭૦ ૨૬૯૮૩

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.
- સંપાદક

# વિદ્યાર્થીએ વ્યક્તિત્વને હસતું-રમતું રાખવું જોઈએ : મહર્ષિ રાવલ

## ધો. ૧૨ વિજ્ઞાન પ્રવાહમાં ૯૦ ટકા ગુણ પ્રાપ્ત કરનાર મહર્ષિને હાવર્ડ યુનિવર્સિટીમાં એમ.બી.એ કરવાની ખેવના

ગાંધીનગર, તા. ૨૨

ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષામાં માઉન્ટ કાર્મેલ શાળાના મહર્ષિ રાવલે ૯૦ ટકા ગુણ પ્રાપ્ત કર્યા છે. મહર્ષિ રાવલને આગળ હાવર્ડ યુનિવર્સિટીમાંથી એમ.બી.એ. અને એન્જીનીયરીંગમાં અભ્યાસ કરવાની ખેવના છે. કિતાબોની દુનિયામાં રહીને પ્રત્યેક વિદ્યાર્થીઓએ તેમના વ્યક્તિત્વને હસતુ રમતુ રાખવું ખૂબજ અનિવાર્ય હોવાનું મહર્ષિ દ્રઢપણે માને છે. ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષામાં નગરના યુવા અગ્રણી નિમેષ રાવલ તેમજ મમતા રાવલના પુત્ર મહર્ષિ રાવલે ૯૦ ટકા ગુણ પ્રાપ્ત કરી શાળા તેમજ પરિવારજનોનું ગૌરવ વધાર્યુ છે. શહેરની માઉન્ટ કાર્મેલ શાળામાં અભ્યાસ કરતા મહર્ષિ મેનેજમેન્ટ ટ્રેનર તરીકે પણ કૌશલ્ય ધરાવે છે. મહર્ષિએ વિદ્યાર્થીઓને હળવાફુલ



રહેવા અને એગ્ઝામને એન્જોય કરવા માટે પણ વિવિધ ગ્રુપ અને શાળાઓમાં વિદ્યાર્થીઓને એક ટ્રેનર તરીકે માર્ગદર્શન પુરૂ પાડ્યું છે. અભ્યાસમાં તેજસ્વી મહર્ષિ વાંચવાનો ગજબ શોખ ધરાવે છે. મહર્ષિને ક્રિકેટ રમવાનો પણ શોખ છે. ક્રિકેટ ટૂર્નામેન્ટમાં બખુબી કેપ્ટનશીપ પણ કરી લે છે. વિદ્યાર્થીએ અભ્યાસની સાથે ફીજીકલી ફીટ રહેવુ પણ ખૂબજ અનિવાર્ય હોવાનું માનતા મહર્ષિ રોજ દસ કિલોમીટરનું સાઈકલીંગ કરે છે. તો અભ્સાક્રમના પુસ્તકો થોડીવાર માટે કોરાણે મુકી મ્યુઝીક પણ શીખે છે. મહર્ષિના મતે માત્ર બોચીયા સ્ટુડન્ટ બની રહેવા કરતા વિદ્યાર્થીએ સતત કાંઈક નવુ શીખતા રહેવાની ધગશ રાખવી જોઈએ. ભણતરથી દૂર હટીને અન્ય એક્ટીવીટીસ પણ વિદ્યાર્થીના સ્વાર્ગી વિકાસ માટે સહાયક અને પ્રોત્સાહક પુરવાર થાય છે. તણાવમુક્ત અભ્યાસ સાથે વિદ્યાર્થીનું વ્યક્તિત્વ હસતુ રમતુ હોવુ અત્યંત અનિવાર્ય છે. મહર્ષિ રાવલે આંતરપ્રિ-નિયોરશીપ ડેવલપમેન્ટ ઈન્સ્ટીટ્યુટ-ઈ. ડી. આઈ. તરફથી બેસ્ટ પાર્ટીસીપન્ટનુંઈનામ પણ હાંસલ કર્યુંછે. તેજસ્વી પરિણામ મેળવનાર મહર્ષિને બ્રહ્મસમાજે પણ બીરદાવ્યુંછે.

# રેડિયન્ટ સ્કૂલ ઑફ સાયન્સનું ગૌરવ




ગાંધીનગર, તા. ૨૨

માર્ચ, ૨૦૧૬માં લેવામાં આવેલી ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ, સૅમેસ્ટર-૪ની પરીક્ષાના પરિણામમાં શાળાનું અંગ્રેજી માધ્યમનું પરિમામ ૧૦૦ ટકા અને ગુજરાતી માધ્યમનું પરિણામ ૯૭.૩૩ ટકા આવ્યું છે.

નિસર્ગ કિરીટભાઈ પટેલ, ચાર્મી ધર્મેશભાઈ શુક્લ અને ચિરાગ બળવંતભાઈ ઠાકોરે ગુજકેટમાં અનુક્રમે ૧૦૩.૭૫, ૧૦૨.૫૦ અને ૧૦૧.૫૦ માર્ક્સ મેળવી તેમજ વૈદિક ભોગીલાલ પટેલ, ગોપાલ અશ્વિનભાઈ સાવલિયા અને ભાગ્યેશ જેરામ વામજાએ જેઈઈમાં અનુક્રમે ૨૦૩, ૧૫૯ અને ૧૧૫ માર્ક્સ મેળવીને પોતાનું તેમજ શાળાનું નામ રોશન કર્યું છે.

# મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૩**
ઍક્સ મૅન (૩ડી હિન્દી)
૩.૪૫, ૯.૪૫
ઍક્સ મૅન (૩ડી અંગ્રેજી)
૧૨.૪૫, ૬.૪૫

**સ્ક્રીન-૪**
અઝહર
૩.૪૫, ૬.૪૫, ૧૦.૦૦

**સ્ક્રીન-૫**
સરબજીત
સવારે ૧૦.૦૦, ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૧૦.૦૦



નિર્માતા-નિર્દેશક-લેખક નરેશ કેચગુંડે નિરમિત ચાર શૉર્ટ ફિલ્મ્સનું શૂટીંગ તાજેતરમાં પૂર્ણ થયું છે. સમાજને સંદેશો આપતી આ ચારેય શૉર્ટ ફિલ્મ હિન્દી ભાષામાં તૈયાર કરાઈ રહી છે. વક્ત, જલ, જનમદાતા અને બેટી નામની આ શૉર્ટ ફિલ્મ્સમાં ગાંધીનગરના ચરિત્ર અભિનેતા હસમુખ મૅકવાને વિવિધ ભૂમિકાઓ અદા કરી છે. અન્ય સહકલાકારોમાં મોનિકા પંડ્યા, અનુ મિશ્રા, કેયુર હાલાણી, ભાર્ગવ પ્રજાપતિ, લક્ષ્મણ દત્ત, બી સરલાનાં નામ છે. આગામી દિવસોમાં આ ચારેય શૉર્ટ ફિલ્મ્સ યુ-ટ્યુબના માધ્યમથી પ્રસારિત કરવામાં આવશે.

# વિરમગામમાં સાસુ-વહુ શિબિર યોજવામાં આવ્યો

ગાંધીનગર, તા. ૨૨

વિરમગામ તાલુકા સહિત અમદાવાદ જિલ?લામાં માતા તથા બાળ મૃત્યુ અટકાવવા અને સમાજમાં પ્રવર્તમાન અંધશ્રધ્ધાઓ નાબૂદ કરવાના ઉમદા હેતુથી જિલ?લા વિકાસ અધિકારી ભાર્ગવી દવે દ્વારા દરેક તાલુકામાં સાસુ-વહુ શિબિર યોજવાનું નક્કી કરેલ હતુ. જે અંતર્ગત તાલુકા હેલ્થ ઓફિસ વિરમગામ ખાતે સાસુ વહુ શિબિર યોજાઈ હતી. સામુહિક આરોગ્ય કેન્દ્રમાં સ્ત્રી રોગ નિષ્ણાંત ડો.અસ્માબેન રંગુનવાલા દ્વારા સગર્ભા બહેનોની નિશુલ્ક સોનોગ્રાફી તપાસ કરવામાં આવી અને જરૂરી સારવાર આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં તાલુકા હેલ્થ ઓફિસર ડો.વિરલ વાઘેલા, ડો.દક્ષેશ પટેલ, ટીઆઈઈસીઓ એસ.એલ. ભગોરા, તાલુકા એચ.વી. ગૌરીબેન મકવાણા, કે.એમ. મકવાણા, નીલકંઠ વાસુકીયા, જયેશ પાવરા સહિત મોટી સંખ્યામાં સાસુ વહુ ઉપસ્થિત રહ્યા હતા. તાલુકા હેલ્થ ઓફિસર ડો.વિરલ વાઘેલાએ જણાવ્યુ હતુ કે, તાલુકા હેલ્થ ઓફિસ વિરમગામ દ્વારા આયોજીત સાસુ વહુ શિબિરમાં ૭૬ સગર્ભા બહેનો અને ૪૧ સાસુઓ ઉપસ્થિત રહ્યા હતા. શિબિરમાં આવેલ તમામ સગર્ભા બહેનોની સ્ત્રી રોગ નિષ્ણાંત તબિબ દ્વારા સોનોગ્રાફી તપાસ કરવામાં આવી હતી. સગર્ભા બહેનોની સોનોગ્રાફી તપાસ દરમ્યાન એક સગર્ભા બહેનના ગર્ભમાં રહેલ બાળક ઝાડો કરી ગયુ હોવાની શક્યતા જણાતા તાત્કાલીક સિઝેરીયન ડીલેવરી કરીને માતા અને બાળકનો જીવ બચાવવામાં આવ્યો હતો. સગર્ભા બેનના આહાર વિહાર અંગે પ્રા.આ.કેન્દ્ર મણીપુરાના વૈધ દક્ષેશ પટેલએ જણાવ્યુ હતુ કે, સગર્ભાવસ્થા દરમ્યાન સાંકર, વરીયાળી વાળુ દુધ, જેઠી મધ વાળુ દુધ, માખણ, ઘી, મધ, જુના ચોખા, સંચળ યોગ્ય માત્રામાં લેવુ જાઈએ. છઠ્ઠા માસે ગોખરૂવાળુ દુધ લેવુ જોઈએ. મગ, મગનું પાણી, કઠોળ, સિંગ, સુખડી, લીલા શાકભાજી વધારે પ્રમાણમાં લેવા જોઈએ. જે ધાત્રી માતાને ધાવણ ન આવતુ હોય તો શતાવરી યુક્ત દુધ લેવાથી ધાવણ યોગ્ય માત્રામાં આવે છે.

# જોટાણાના સુદામા છાત્રાલયમાં નિઃશુલ્ક પ્રવેશ

ગાંધીનગર, તા. ૨૨

મહેસાણા જિલ્લાના જોટાણા ગામ સ્થિત સુદામા છાત્રાલયની પ્રવેશ પ્રક્રિયા નિઃશુલ્ક પણે હાથ ધરવામાં આવી છે. આ શાળામાં અનુ.જાતિના ધોરણ ૫ થી ૧૨ સુધીના વિદ્યાર્થીઓને સરકારના નિયમ મુજબ વિના મૂલ્યે માહિતી અને પ્રવેશ મેળવવા માટે છાત્રાલયના પ્રમુખ તેમજ અમદાવાદ સિવિલ હોસ્પિટલના સુપ્રિટેન્ડન્ટ ડૉ. એમ.એમ. પ્રભાકર તથા છાત્રાલયના ગૃહપતિ કાંતિભાઈ એચ. સોલંકીના મો.નં. ૯૫૩૭૧ ૮૯૦૬૩ પર સંપર્ક કરવા અનુરોધ કરાયો છે.


# વૃદ્ધાશ્રમમાં રહેતા વડીલનો સંસ્થા દ્વારા અંતિમ સંસ્કાર

ગાંધીનગર, તા. ૨૨

માણસા સ્થિત આનંદીમાના વડલા તરીકે પ્રસિદ્ધ વાનપ્રસ્ત આશ્રમમાં રહેતા વડીલ નવિનચંદ્ર મોતીલાલ ઠાકરનું દુઃખદ અવસાન થતા સંસ્થા દ્વારા યુવા બ્રહ્મસમાજના સહકારથી સ્વર્ગસ્થની અંતિમ સંસ્કારની વિધિ કરવામાં આવી હતી. માનવતાના આ ઉમદા કાર્યમાં સમસ્ત યુવા બ્રહ્મસમાજની ટીમ પણ કામે લાગી હતી.

માણસા શહેરના મકાખાડ રોડ પર સ્થિત વાનપ્રસ્થ આશ્રમના દિનેશભાઈ વ્યાસના જણાવ્યા મુજબ આશ્રમમમાં રહેતા નવિનંચ્દ્ર મોતીલાલ ઠાકરનું બે દિવસ પૂર્વે કુદરતી રીતે અવસાન થયું હતું. તેઓ છેલ્લા ઘણા વર્ષોથી પરિવારથી અલિપ્ત જીવન જીવી રહ્યા હતા. એક વર્ષ અગાઉ તેમના ભત્રીજા સંસ્થાની કામગીરીથી પ્રભાવિત થઈ નવીનચંદ્રને સંસ્થામાં રહેવા માટે મુકી ગયા હતા. તેમના અવસાન બાદ સંસ્થા તેમજ યુવા બ્રહ્મસમાજની ટીમ દ્વારા અગ્નિસંસ્કારની વિધિ સંપન્ન કરવામાં આવી હતી. સમાજના સંપૂર્ણ રીતરીવાજ મુજબ તેમજ મંત્રોચ્ચાર સાથે તેમને અગ્નિસંસ્કાર આપવામાં આવ્યો હતો.

# સરબજિત : જેને અન્યાય થયો એવા ઓછા જાણીતા પાત્રને પૂરતો ન્યાય આપતી ફિલ્મ



ઐતિહાસિક પાત્રને પકડીને ફિલ્મ બનાવવી આસાન હશે, પરંતુ જીવંત વ્યક્તિઓ વિષે સંપૂર્ણ પ્રામાણિક રહીને ફિલ્મ બનાવવી ખરેખર અઘરું પડતું હશે. 'અઝહર'ની અસર હેઠળ એવું જરૂર લાગે. પરંતુ આજકાલ હિન્દી ફિલ્મોમાં 'બાયોપિક' ફિલ્મો બનાવવાનો વાવર ચાલ્યો છે. 'પાનસિંઘ તોમર', 'ભાગ મિલ્ખા ભાગ', 'મૅરી કૉમ'લ અને 'અઝહર' પછી ધોની અને સચિનની ફિલ્મો પણ આવી રહી છે. આવા વાવરમાં ઓમંગકુમાર 'સરબજિત' જેવી માત્ર ત્રણ વર્ષ જૂની ઘટના પરથી પ્રેરિત બાયોપિક લઈને આવ્યા છે. આ પહેલાં પ્રિયંકા ચોપરાને લઈને મૅરી કૉમની બાયોપિક બનાવી ચૂકેલા આ દિગ્દર્શકે બહુ ઓછી જાણીતી એવી સરબજિત અને બહેન દલબીર કૌરની કહાનીને સોએ સો ટકા ન્યાય આપ્યો છે, એટલું જ નહીં આ ફિલ્મના માધ્યમથી પાકિસ્તાન અને ભારતની જેલોમાં વિના કારણ અથવા તો નાનાં-મોટાં કારણોસર સબડી રહેલા બંને દેશોના કેદીઓની મુક્તિ માટે અને તેમના પ્રતિ માનવીય વ્યવહાર કરવાની વાત પર પણ અસરકારક રીતે પ્રકાશ પાડ્યો છે.

ટી-સિરીઝના ભૂષણ કુમાર અને ક્રિષ્નકુમાર ઉપરાંત વાસુ ભગનાની, દિપશીખા દેશમુખ તતા સંદીપસિંઘ સાથે સ્વયં ઓમંગકુમારે આ ફિલ્મનું નિર્માણ કર્યું છે. ઐશ્વર્યા રાયને દલબીર કૌરના પાત્રમાં અને રણદીપ હુડાને ટાઈટલ રોલમાં રજૂ કરતી ફિલ્મ 'સરબજિત' મોટા કલાકારો અને ઓછી જાણીતી વાર્તાને કારણે વ્યાવસાયિક રીતે જોખમી જણાતી હોવાથી સ્વાભાવિક રીતે જ નિર્માણમાં એક કરતાં વધારે લોકો છે.

સંજય લીલા ભણસાલીની ફિલ્મો 'બ્લૅક' અને 'સાંવરિયા'માં પ્રૉડક્શન ડિઝાઈનર તરીકે પોતાની કળાથી પ્રભાવિત કરી ગયેલા ઓમંગકુમારે દિગ્દર્શક તરીકે પહેલી ફિલ્મ 'મૅરી કૉમ' બનાવી. આ ફિલ્મે કમાણી તો ઘણી કરી, ઍવોર્ડ પણ ઘણા મેળવ્યા. 'સરબજિત' એ ઓમંગકુમારની દિગ્દર્શક તરીકેની બીજી ફિલ્મ છે. 'સરબજિત' કોણ હતો ? પહેલાં 'સરબજિત' વિષે જાણો...

ભારતના પંજાબ રાજ્યના તરન તારન જિલ્લાનું પાકિસ્તાનની સરહદને અડીને આવેલું ગામ ભીખીવીન્ડ. આ ગામમાં પિતા, બહેન દલબીરકૌર, પત્ની સુખપ્રિત અને બે નાની-નાની દીકરીઓ પૂનમકૌર અને સ્વપનદીપકૌર સાથે રહેતો સીધો-સાદો ખેત મજૂર સરબજિત સિંઘ ૧૯૯૦ની એક રાત્રે દારૂના નશામાં તે વખતે તાર વિનાની સરહદ ભૂલથી-અજાણતા ઓળંગી જાય છે...

આ ઘટનાના આઠ દિવસ પહેલાં પાકિસ્તાનમાં લાહોર અને ફૈઝાબાદમાં સિરિયલ બ્લાસ્ટ થયા હતા. આ બૉમ્બ બ્લાસ્ટમાં ૧૪ નિર્દોષ પાકિસ્તાની નાગરિકો માર્યા ગયા હતા. પાકિસ્તાની રેન્જર્સને સરબજિત મળી આવ્યો ત્યારે તે નશામાં બેહોશીની અવસ્થામાં હતો. પાકિસ્તાની રેન્જર્સ લાહોર-ફૈઝાબાદના સિરિયલ બૉમ્બ બ્લાસ્ટમાં સંડોવણીની શંકા હેઠળ સરબજિતને પકડે છે. બૉમ્બ બ્લાસ્ટમાં કોઈ ભારતીય નાગરિક મનજિતસિંઘની સંડોવણી હોવાનું ખૂલે છે અને પાકિસ્તાની રેન્જર્સ મનજિતસિંઘ તરીકે જ સરબજિતની ધરપકડ કરીને જેલમાં નાખી દે છે. સરબજિત પર મનજિતસિંઘ તરીકે જ કેસ ચાલે છે. પાકિસ્તાન સુપ્રિમ કૉર્ટ ફાંસીની સજા ફરમાવે છે અને આમ સરબજિત ગુનેગાર મનજિતસિંઘ તરીકે જેલમાં બંધ થઈ જાય છે.

નવ મહિના પછી ભારતમાં સરબજિતના પરિવારને સમાચાર મળે છે કે સરબજિત તો પાકિસ્તાનની જેલમાં છે. સરબજિતની બહેન દલબીરકૌર પોતાના ભાઈને છોડાવવા કમર કસે છે. દલબીરકૌર પરિવાર સામે બે પડકારો હતા : જેલમાં છે તે મનજિતસિંઘ નહીં, સરબજિત છે અને તે ગુનેગાર નહીં, આતંકવાદી નહીં પણ નિર્દોષ ખેડૂત છે.

ભારત અને પાકિસ્તાનમાં બનતી આતંકવાદી ઘટનાઓ અને બદલાતા રાજકીય પ્રવાહોની અસર સતત સરબજિતના કેસ પર પડતી રહે છે. માનવ અધિકાર પંચ અને અનેક માનવતાવાદી સંગઠનોની ચળવળ છતાં સરબજિતની મુક્તિ શક્ય બનતી નથી. વર્ષ ૨૦૧૩ એટલે કે આજથી ઍક્ઝેટ ત્રણ વર્ષ પહેલાં ૨૬મી એપ્રિલે બપોરે લગભગ ૪.૩૦ વાગ્યે લાહોરની કોટ લખપત જેલમાં કાળકોટડીમાં બંધ સરબજિત પર સાથી કેદીઓ જીવલેણ હુમલો કરે છે અને સરબજિત ગંભીર રીતે ઘાયલ




થાય છે. સરબજિતને લાહોરની જ જિન્નાહ હૉસ્પિટલમાં સારવાર માટે લઈ જવામાં આવે છે. વધુ આઠ દિવસ સરબજિત મૃત્યુ સામે જંગ ખેલે છે. તા. બીજી મે, ૨૦૧૩ની મધરાત્રે ડૉક્ટર્સ વૅન્ટીલેટર ખસેડી લે છે અને સરબજિત છેલ્લા શ્વાસ લે છે.

જીવતાજીવત ભારત નહીં આવી શકેલા સરબજિતનો પાર્થિવ દેહ પાકિસ્તાન સરકાર ખાસ વિમાન મારફતે નવી દિલ્હી મોકલે છે. જીવનના અમૂલ્ય ૨૩ વર્ષ પાકિસ્તાનની જેલમાં વિતાવીને અવસાન પામેલા સરબજિતને પૂરા રાષ્ટ્રીય સન્માન સાથે અંતિમ વિદાય આપવામાં આવી. પંજાબ સરકારે સરબજિતના પરિવારજનોને રૂા. ૧ કરોડની આર્થિક મદદ આપી.

ખૂબ જ તાજા ઈતિહાસને ઓમંગકુમાર ખૂબ જ વફાદાર રહ્યા છે. ફિલ્મી 'સરબજિત' બહેન દલબીરકૌરના દષ્ટિકોણથી જોવાતી ફિલ્મ છે. ઓમંગકુમારે વિષયવસ્તુને પૂરો ન્યાય આપ્યો છે. તો સામાન્ય રીતે ગ્રે શેડવાળી ભૂમિકાઓમાં માહિર રણદીપ હુડાએ 'સરબજિત'ને જીવંત બનાવી દીધો છે. ભલે પાકિસ્તાને 'સરબજિત'નો ન્યાય ન કર્યો... રણદીપ હુડાએ જબરદસ્ત અભિનય દ્વારા 'સરબજિત'ને અમર કરી દીધો છે. ઑફ કૉર્સ એમાં મેક-અપ અને ગૅટ-અપનો પણ મોટો રોલ છે. છતાં રણદીપ હુડાને ફુલ માર્ક્સ આપવા પડે.

ઐશ્વર્યા રાય બચ્ચનની સૅકન્ડ ઈનિંગની આ સૅકન્ડ ફિલ્મ છે. 'સરબજિત'ની બહેન દલબીરકૌરની ભૂમિકા જઝબાતી ચોક્કસ છે પરંતુ ઐશ્વર્યાએ 'જઝબા' કરતાં ચાર ચાસણી ચઢે એવો અભિનય કર્યો છે. ઐશ્વર્યા રાય બચ્ચને આ ફિલ્મમાં પોતાનો જીવ રેડ્યો છે એમ કહીએ તો પણ ચાલે. એકેએક સીનમાં ઐશ્વર્યા મધ્યબિંદુ છે અને દરેક દશ્યમાં ઐશ્વર્યાએ પોતાનું સર્વસ્વ નિચોવી દીધું છે. દલબીરકૌરની ભૂમિકા માટે ઐશ્વર્યા રાય પર ઍવોર્ડ્સની વર્ષા થવાની પૂરી સંભાવના તેમણે ઊભી કરી દીધી છે.

સરબજિતની પત્ની સુખપ્રિતના પાત્રને રિચા ચઢ્ઢાએ સુંદર રીતે નિભાવ્યું છે. રિચા ચઢ્ઢા પણ ઐશ્વર્યા કે રણદીપની બરાબરીમાં જરાય ઉણી ઉતરતી અભિનેત્રી નથી. દલબીરકૌર આતમ્હત્યાનો પ્રયત્ન કરે છે અને ત્યારપછીના દશ્યમાં રિચા ચઢ્ઢાએ કમાલ કરી છે. તો પાકિસ્તાનની જેલમાં સરબજિતનો આખો પરિવાર સરબજિતને પહેલીવાર મળે છે એ દશ્યને ઓમંગકુમારે એટલું તો ભાવવાહી અને અસરકારક બનાવ્યું છે કે આખો સિનેમાહૉલ બિબકે ન ચઢે તો પૈસા પાછા !!!

પાકિસ્તાની વકીલ અવૈસ શેખના પાત્રમાં દર્શનકુમાર અને સરબજિતની પુત્રીઓ પૂનમકૌર તરીકે અંકિતા શ્રીવાસ્તવ અને સ્વપનદીપકૌર તરીકે શિવાની સોનીએ પણ નોંધપાત્ર અભિનય કર્યો છે. ટૂંકમાં આ ફિલ્મનું એક પણ દશ્ય એવું નથી જેમાં અભિનયમાં સ્હેજ પણ કચાશ રહી ગઈ હોય.

'સરબજિત'ની સત્યઘટના પરથી સ્કીનપ્લે ઉત્કર્ષીની વશિષ્ઠ અને રાજેશ બેરીએ લખ્યો છે. હું ફરી એક વખત કહીશ કે આ ફિલ્મના લેખનમાં પણ ખૂબ જ પ્રામાણિકતા દાખવવામાં આવી છે. કિરણ દેવહંસની સિનેમેટોગ્રાફી દર્શકોને રિયલ પંજાબ અને પાકિસ્તાનની ગલીઓમાં લઈ જાય છે. જેલમાં સબડતા સરબજિતની યાતનાનાં દશ્યોને કિરણ દેવહંસે ખૂબ જ પ્રભાવક બનાવ્યાં છે. રાજેશ પાંડેનું ચુસ્ત ઍડિટિંગ તેની અસરકારકતામાં ઉમેરો કરે છે. જીત ગાંગુલી, અમાલ મલિક, તનિશ્ક બાગચી, શૈલ-પ્રિતેશ અને શશી શિવમનું સંગીત સામાન્ય કહી શકાય.

'સરબજિત'નો ફર્સ્ટ હાફ થોડો બોરીંગ અને ખોટા લંબાણવાળો અનુભવાય છે. પરંતુ મધ્યાંતર પછી ફિલ્મની ગતિ અને પ્રેક્ષકોની મતિ બંને પકડાય છે. સત્યઘટનાના આરોહ-અવરોહ અને વળાંકોને ઓમંગકુમારે એટલી જ અસરકારકતાથી રજૂ કર્યા છે. ક્યાંય ક્રિએટીવ છૂટછાટ લેવાનો પ્રયત્ન કર્યા વિના દિગ્દર્શક સત્યઘટનાને સંપૂર્ણપણે વળગી રહ્યા છે. છતાં એક ફિલ્મ તરીકે પણ પ્રેક્ષકોને સંપૂર્ણ ન્યાય કર્યો છે.

ઉડતા કબૂતરોને પાળવાનો શોખીન શખ્સ ૨૩-૨૩ વર્ષ સુધી જેલમાં પુરાઈ રહે... આવા વિરોધાભાસને દિગ્દર્શકે બારીકાઈથી બતાવ્યા છે. સરબજિત પોતાની મૂઠ્ઠીઓ વાળીને કહે છે, 'નસીબની રેખાઓ તો આપણી મૂઠ્ઠીમાં છે, પરંતુ આપણું નસીબ આપણી મૂઠ્ઠીમાં નથી...' 'સરબજિત' ભલે મુક્ત નથી, પરંતુ સરબજિતનું નામ તો આખા વિશ્વમાં મુક્ત છે... આવા ચોટદાર સંવાદો આ ફિલ્મની ઘેરી અસર ઉપજાવે છે. 'સરબજિત' જેવી નૉનગ્લેમરસ અને પ્રમાણમાં ઓછી કાગારોળવાળી ઘટનાને લઈને ફિલ્મ બનાવવાની હિંમત જેવોતેવો દિગ્દર્શક કે નિર્માતા ન કરી શકે... ઓમંગકુમારે આવી હિંમત કરી છે, એટલું જ નહીં તેમાંથી સુપેરે પાર પણ ઉતર્યા છે.

'સરબજિત' બૉક્સ ઑફિસ પર કદાચ ડંકો વગાડી ન શકે તો પણ પ્રેક્ષકોને આકર્ષવામાં તો સફળ રહેશે જ. અર્થપૂર્ણ ફિલ્મોના શોખીન પ્રેક્ષકોને આ ફિલ્મ અવશ્ય ગમશે. એટલું જ નહીં, પાકિસ્તાને ભલે પોતાના દેશ વિરોધી ફિલ્મ ગણાવીને પ્રતિબંધ મૂક્યો, છતાં 'સરબજિત' બંને દેશોના લોકોને એકબીજા તરફ જોવાની નવી દષ્ટિ પણ આપે તેવી ફિલ્મ છે. ઐશ્વર્યા રાયના અદ્ભૂત અભિનય માટે આ બાયોપિક ફિલ્મ એકવાર તો જોવા જેવી ખરી...

